# નીફટના મહિલા પ્રોફેસરે સોશિયલ મિડીયામાં પોતાના વિશે અભદ્ર ટીપ્પણી બદલ પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા.૧૦

શહેરના ગરીમા પાર્ક પાસે આવેલી નીફટ કોલેજના મહિલા પ્રોફેસરે સોશિયલ મિડીયામાં પોતાના વિશે અભદ્ર ટીપ્પણી બદલ પોલીસ ફરીયાદ કરી છે. થોડા સમયે પહેલા નિફટ ખાતે ટેલેન્ટ શો યોજાયો હતો જેમાં સિનિયર વિદ્યાર્થીઓને ઠપકો આપ્યો હતો. તેમાંથી કોઈએ ઈન્સ્ટ્રાગામ પર અભદ્ર ટીપ્પણી કરતા મામલો ગરમાયો છે.

ગાંધીનગર શહેરના સેકટર-૮ ખાતે રહેતા અને નીફટ કોલેજમાં એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ૪૪ વર્ષિય મહિલા પ્રોફેસરે ફરીયાદમાં જણાવ્યું છે કે ગત તા.૨૫ સપ્ટેમ્બરના રોજ તેમને હિતેચ્છુઓ દ્વારા જાણવા મળ્યું હતુ કે તેમનુ નામ બદનામ થાય તે રીતે ખરાબ ભાષામાં અભદ્ર ટીપ્પણી કરતા મેસેજ વાયરલ થયા છે. નામ વિના ફરતી થયેલી ટીપ્પણીમાં અંદાજીત ૩૫૦૦ થી વધુ નાગરીકોએ જોઈ હતી. જેને પગલે તેમણે સંસ્થાના નિયામક ને લેખિતમાં જાણ કરી હતી. જે અંગે હવે ઈન્ફોસીટી પોલીસ મથકમાં આઈટી એકટ મુજબ ગુનો નોંધાતા પીઆઈ એસ.જે.રાજપૂત દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.જયારે નામ ઠામ વગર ફરતી થયેલી ટીપ્પણીમાં નીફટના કોઈ સિનિયર વિદ્યાર્થીનો હાથ હોવાની આશંકા છે. તા.૨૦ સપ્ટેમ્બરે નીફટમાં એક ટેલેન્ટ શો યોજાયો હતો. જેમાં કેટલાક સિનિયર વિદ્યાર્થીઓ પાછળની હરોળમાં બેસીને જુનિયર સ્ટુડન્ટસના પર્ફોમન્સ વખતે બુમો પાડી અડચણ ઉભી કરતા હતા. તે સમયે ફરીયાદીએ તેમને શાંતિથી બેસીને શો જોવા અથવા સ્વેચ્છાએ બહાર જતા રહેવાનું કહ્યું હતું. ત્યારબદ તેઓ બહાર નીકળી ગયા હતા. જેથી લાગી આવતા કોઈ વિદ્યાર્થીઓએ આ પગલુ ભર્યુ હોવાની આશંકા સેવાઈ રહી છે.



## ડીસામાં મોટાભાગના માર્ગોની હાલત ખખડધજ

ડીસામાં ચોમાસા દરમિયાન મોટાભાગના રસ્તાઓની હાલત ખખડધજ થઈ ચૂકી છે જેથી માર્ગ અકસ્માતની દહેશત વર્તાય છે જેના પગલે વાહન ચાલકો ભારે પરેશાની ભોગવી રહ્યા છે અને અવાર નવાર નાના મોટા અકસ્માત ની ઘટનાઓ પણ બની રહી છે ત્યારે ડીસા બસ સ્ટેન્ડ નજીક રહેતા જગદીશભાઈ ખત્રી પોતાના સગા સાથે બાઈક ઉપર ડીસાના જી.આઈ .ડી .સી. વિસ્તારમાં આવેલ ઈન્ડેન ગેસનો બાટલો ભરાવવા માટે જતા હતા તે દરમિયાન રસ્તામાં ખાડામાં બાઈક સ્લીપ ખાઈ જતા મોઢાના ભાગે ગંભીર ઈજા ઓ થતા ૧૦૮ મોબાઈલ વાન મારફત સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.ખખડધજ રસ્તાઓને લઈ લોકોએ નઘરોળ તંત્ર ઉપર રોષ ઠાલવ્યો હતો.

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે હેલિકોપ્ટર સેવા સ્થગિત થતાં પ્રવાસીઓ નિરાશ

અમદાવાદ,તા.૧૦

ગુજરાત સરકારે સ્ટેચ્યુ ઓફ યુનિટીની હેલિકોપ્ટરની સેવા બંધ કરી દીધી છે. હેલિકોપ્ટરના અવાજથી સફારી પાર્કના પ્રાણીઓમાં વ્યાપક દહેશત જોવા મળી રહી હતી. સાથે સાથે પ્રાણીઓમાં ઉછળકુદની સ્થિતિ દેખાઈ રહી હતી. આની નોંધ લેવામાં આવ્યા બાદ હેલિકોપ્ટર સેવા સ્થગિત કરવામાં આવી છે. હવે હેલિપેડને અન્યત્ર લઈ જવાની વાત ચાલી રહી છે. હેલિપેડને અન્યત્ર લઈ જવામાં આવ્યા બાદ હેલિકોપ્ટર સેવા પ્રવાસીઓ માટે ફરી શરૂ કરવામાં આવશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીથી ભારત જ નહીં બલ્કે વિશ્વના પ્રવાસીઓ આકર્ષિત થયા છે. દુનિયાના પ્રવાસ સ્થળોમાં તેનું ખાસ મહત્વ રહેલું છે. દરરોજ હજારોની સંખ્યામાં પ્રવાસી અહીં પહોંચે છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીના એરિયલ વ્યૂના નિર્દેશક મારફતે હેલિકોપ્ટરની સેવા શરૂ કરવામાં આવી છે પરંતુ સેવા બંધ કરવામાં આવ્યા બાદથી ભારે અટકળો જોવા મળી રહી છે. રાજીવ ગુપ્તાએ કહ્યું છે કે, અહીં એક સફારી પાર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે જેના કારણે મોટી સંખ્યામાં પ્રવાસીઓ આકર્ષિત થઈ રહ્યા છે. હેલિકોપ્ટરના લેન્ડિંગ અને ઉતરાણના કારણે મોટી સંખ્યામાં પ્રાણીઓમાં દહેશત ફેલાઈ જાય છે જેથી સફારી પાર્કના નજીક બનેલા હેલિપેડનું નિર્માણ ટૂંક સમયમાં જ અન્યત્ર લઈ જવામાં આવશે. સફારી પાર્કના પ્રાણીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવાયો છે. તમામ લોકો જાણે છે કે, સરદાર પટેલની ૧૮૨ મીટરની આ પ્રતિમા વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા પૈકીની એક છે. દરેક વ્યક્તિ દુનિયાની સૌથી ઉંચી પ્રતિમાને નજીકથી જોવા માટે ઈચ્છુક છે જેથી ગુજરાત સરકારે નજીકથી જોવા માટે હેલિકોપ્ટરની સેવા શરૂ કરી હતી.



# અંતરિયાળ વનબંધુ વિસ્તાર અંતેલાથી સેવાસેતુનો પ્રારંભ

## સેવાસેતુના ચાર તબક્કામાં ૧ કરોડ ૫૩ લાખ રજૂઆતોનો સકારાત્મક ઉકેલ-૯૯ ટકા સિદ્ધિ હાંસલ : સેવાસેતુમાં નાના માણસના મોટા કામ થાય છે : વિજયભાઈ રૂપાણી

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યવ્યાપી 'સેવાસેતુ' કાર્યક્રમનો વનબંધુ વિસ્તાર દાહોદના ગ્રામીણ ક્ષેત્ર અંતેલાથી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, સેવાસેતુનો આ ઉપક્રમ સામાન્ય-નાના માણસ માટે મોટો કાર્યક્રમ બની ગયો છે.



આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, ગરીબ, વંચિત, પીડિત, દલિત, ગ્રામીણ, ખેડૂત જેવા સાવ સામાન્ય વર્ગોને પોતાના નાના-નાના કામો માટે વતન-ગામથી દૂર સરકારી કચેરીઓમાં ધક્કા ન ખાવા પડે તેવા સંવેદનશીલ અભિગમથી આ સેવાસેતુ દ્વારા સરકાર સ્વયં પ્રજાને દ્વાર આવી છે.

વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, સેવાસેતુના અત્યાર સુધીમાં રાજ્યમાં જે ચાર તબક્કાઓ યોજવામાં આવ્યા છે તેને પ્રચંડ સફળતા મળી છે. ચારેય તબક્કામાં મળીને ૧ કરોડ ૫૩ લાખ નાગરિકો-લોકોની અરજીઓનો સુખદ નિવેડો લાવીને ૯૯ ટકા સિદ્ધિ મેળવવામાં આવી છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ પણ મુખ્યમંત્રીએ કર્યો હતો.

રાજ્ય સરકારે સંવેદનશીલ અભિગમ અપનાવી સેવાસેતુનો કાર્યક્રમ શરૂ કર્યો છે. રાશનકાર્ડ કઢાવવા, આવક-જાતિના દાખલા કઢાવવાના જેવા મહત્વના કામોનો ઘર આંગણે જ સરળતાથી નિકાલ આ સેવાસેતુથી આવે છે એમ તેમણે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું કે, સામાન્ય કામો માટે ગરીબ અરજદારોને વચેટિયાઓનો સહારો લેવો પડતો હતો. વચેટિયાઓને કમને પૈસા આપીને પોતાનું કામ કરાવવું પડતું હતું. તેની સામે રાજ્ય સરકારે નક્કી કર્યું કે, અરજદારને સરકારી કચેરીએ ના આવવું પડે અને સરકારીતંત્ર અરજદારના ઘરઆંગણા સુધી જાય એવી વ્યવસ્થા સેવાસેતુ કાર્યક્રમથી વિકસાવી છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું કે રાજ્ય સરકારની પારદર્શી અને



લોકાભિમુખ શાસનપ્રણાલીની પ્રતીતિ સેવાસેતુ કાર્યક્રમ કરાવે છે. સેવાસેતુ કાર્યક્રમમાં અરજદારનું સામાન્ય કામ તેના ઘરની નજીક, એક પણ રૂપિયો કોઈને ય આપ્યા વિના થાય છે. જિલ્લા દીઠ ૫૦-૬૦ સેજા બનાવીને સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. રાજ્ય સરકારની ૫૭ પ્રકારની વિવિધ સેવાઓ નાગરિકોને ઘરથી નજીક મળે છે. વિધવા સહાય, આયુષ્યમાન કાર્ડ, અમૃતમ કાર્ડ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિવિધ પ્રકારના દાખલાઓ તો મળે જ છે, સાથે અબોલ પશુજીવોની જીવદયા સેવાભાવના સાથે પશુઓ માટે આરોગ્ય કેમ્પનું પણ આયોજન કરવામાં આવે છે તેની ભૂમિકા વિજયભાઈ રૂપાણીએ આપી હતી.

# સીઆરપીએફ ખાતે રહેતી પરણિતા દ્વારા પતિ સામે શારીરીક-માનસિક ત્રાસની ફરીયાદ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર ચિલોડા માર્ગ પર સીઆરપીએફ કેમ્પમાં રહેતી મહિલાને પતિએ માર મારતા પોલીસ કેસ કર્યો છે. સવારના સમયે ચપ્પલ શોધવા જેવી સામાન્ય બાબતે સીઆરપીએફના આસીસટન્ટ કમાન્ડર પતિએ પત્નીને લાફા મારી, ગળુ દબાવતા મહિલાએ શારીરીક માનસીક ત્રાસની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શિતલબેન ભરતભાઈ રાણા (ઉં.વ.૪૦)એ નોંધાવેલ ફરીયાદ મુજબ સવારના સાડાનવ વાગ્યાના અરસામાં તેમના પતિ ભરતભાઈ રાણા મેદાનમાંથી ઘરે આવ્યા હતા. ત્યારબાદ તેઓ ચંપલ માગતા હતા, જેને પગલે પત્નીએ ખબર નથી સેવાદાર શોધી આપશે તેવો જવાબ આપ્યો હતો. જેને પગલે રોષે ભરાયેલા પતિએ તુ મારી બાયડી છે તારે જ બધુ કરવાનું કહીને ત્રણ લાફા ઝીંકી દીધા હતા. ત્યારપછી ગળુ દબાવીને મારવાનો પ્રયત્ન કરતા સેવાદારે વચ્ચે પડીને છોડાવ્યા હતા.જેને પગલે મહિલાએ પોતાના ભાઈને બોલાવીને પિયર જતા રહ્યા હતા. મહિલાનો આક્ષેપ છે કે પતિ અવાર-નવાર સામાન્ય બાબતે મારઝુડ કરતો હતો. પરંતુ ૧૨ વર્ષના પુત્ર માટે બધુ સહન કરતા હતા. પતિ પિયરમાંથી દહેજ પેટે રૂ.૫૦ લાખ લઈ આવવા માટે અથવા તારુ મકાન મારા નામે કરી દે કહીં વારંવાર દહેજની પણ માંગણી કરતા હતા. જેનેપગલે હવે આખરે તેમણે લગ્નના ૧૮ વર્ષ બાદ પતિ સામે શારીરીક માનસિક ત્રાસ અને દહેજની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજી જીઆડીસી કેમિકલની ફેક્ટ્રીમાં આગ : ૧૦ દાઝયા

## રાજકોટ ચીફ ફાયર ઓફિસર સહિતના દસ જણાં દાઝયા નેપ્થા કેમિકલ લીધે આગ પર કાબૂ મેળવવા ભારે જહેમત

અમદાવાદ, તા.૧૦

રાજકોટના આજી જીઆઈડીસીમાં આવેલી એક કેમિકલની ફેકટરીમાં આજે બપોરે બહુ મોટી અને ભીષણ આગ લાગતાં ભારે ચકચાર અને દોડધામ મચી ગઈ હતી. આગ એટલી ભયંકર અને વિકરાળ હતી, તેને લઈ ફાયરબ્રિગેડ વિભાગ દ્વારા બ્રિગેડ કોલ જાહેર કરાયો હતો. આગની આ દુર્ઘટનામાં ચીફ ફાયર ઓફિસર સહિત દસ જણાં દાઝયા હતા. આગના કારણે ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ ભયંકર વિકરાળ આગમાં રાજકોટ ચીફ ફાયર ઓફિસર સહિત દસ જણાં વત્તા ઓછા અંશે દાઝયા હતા. બીજીબાજુ, આગની વિકરાળતાને જોતાં આજુબાજુના વિસ્તારને ખાલી કરાવવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાની જાણ ફાયર વિભાગને થતાં દસથી વધુ ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને આગને કાબુમાં લેવા યુધ્ધના ધોરણે પ્રયાસ હાથ ધરાયા હતા. જો કે, ફેકટરીમાં નેપ્થા કેમિકલ હોઈ તેના કારણે આગ બુઝાવવામાં ભારે જહેમત ઉઠાવવી પડી હતી. ફાયરબ્રિગેડના દાઝેલા કર્મચારીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# દસ દિવસ બાદ આખરે વૃષ્ટિ અને શિવમ હાથ લાગી ગયા

અમદાવાદ, તા.૧૦

નવરંગપુરામાંથી વૃષ્ટી અને શિવમના ગુમ થવાના કેસમાં આખરે દસ દિવસ બાદ વૃષ્ટિ અને શિવમને અમદાવાદ શહેર ક્રાઈમબ્રાંચની ટીમે શોધી કાઢયા છે. ક્રાઈમબ્રાંચે વૃષ્ટિ અને શિવમની ઉત્તર ભારતના પહાડી વિસ્તારમાંથી ભાળ મેળવી લીધી હતી અને તેમને લઈ અમદાવાદ આવવા રવાના થઈ હતી. દસ દિવસની ભારે શોધખોળ અને તપાસ બાદ આખરે વૃષ્ટિ અને શિવમની ભાળ મળતાં પરિવારજનોને પણ ભારે હાશકારો અને રાહત થયા છે. લાપતા વૃષ્ટિ અને શિવમના કેસમાં બે દિવસ પહેલાં જ વૃષ્ટિના નામે તેની માતાને એક ઈમેલ મળ્યો હતો, જેમાં તેણે સૌને ચિંતા કરાવવા બદલ માફી માંગી હતી. તેને નોકરી મળી ગઈ છે અને સહી સલામત હોવાનું જણાવ્યું હતું. ઈમેલમાં તેણે શિવમનો કોઈ ઉલ્લેખ કર્યો ન હતો. વૃષ્ટિના નામે ઈમેલ મળતા નવરંગપુરા પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે આઈપી એડ્રેસના આધારે ક્યાંથી ઈમેલ થયો છે તેની તપાસ હાથ ધરી હતી પરંતુ આ મેલ વૃષ્ટિએ મોકલ્યો નહી હોવાનું તપાસમાં ખૂલ્યું હતું. આ કેસમાં પોલીસે વૃષ્ટિની ભાળ મેળવવા લગાવેલા પોસ્ટરમાં પણ ઉલ્લેખ કર્યો હતો કે, વૃષ્ટિ શરીરે મધ્યમ બાંધાની, રંગ શ્વેત, ઉંચાઈ આશરે ૫ ફૂટ ૧ ઈંચ છે. જ્યારે તેણી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. વૃષ્ટિએ ગુમ થયા સમયે લાલ રંગની કુર્તી અને વાદળી રંગનું જીન્સનું પેન્ટ પહેર્યું હતું. તેમજ તેણીના ડાબા હાથના કાંડાના ભાગે તથા ગરદનના નીચા ભાગે ટેટ્ટુ ત્રોફાવેલું છે. વૃષ્ટિ જશુભાઈ નામની ૨૩ વર્ષીય યુવતી છેલ્લા એક સપ્તાહથી ગુમ થઈ હતી, તેના પરિવારજનોએ આ મામલે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના ગુમ થયા મામલે નોંધ કરાવી હતી. વૃષ્ટિને શોધવામાં સોશિયલ મીડિયાની મદદ લેવામાં આવી હતી. બોલિવૂડ એકટ્રેસ સોહા અલી ખાન દ્વારા વૃષ્ટિના ફોટો સાથે ટ્વીટ કરવામાં આવ્યું હતું. સમગ્ર કેસની તપાસ ક્રાઈમબ્રાંચે સંભાળી સીસીટીવી ફુટેજના આધારે વૃષ્ટિ-શિવમના લોકેશનની તપાસ હાથ ધરી હતી. પોલીસે વૃષ્ટિના માતા-પિતા અને પરિચિતોના પણ નિવેદન નોંધ્યા હતા. જો કે, દસ દિવસની સઘન શોધખોળ અને તપાસ બાદ ક્રાઈમબ્રાંચની ટીમોએ આખરે ઉત્તર ભારતના પહાડી વિસ્તારમાંથી વૃષ્ટિ અને શિવમની ભાળ મેળવી લઈ તેમને ઝડપી લીધા હતા.

# પસંદગીનું ભોજન ન મળતા મુનાફ પટેલે કરેલો હોબાળો

અમદાવાદ, તા.૧૦

વડોદરા શહેરના મોતીબાગ ખાતે રમાઈ રહેલી વિજય હજારે ક્રિકેટ ટ્રોફી મેચમાં લન્ચ સમયે પૂર્વ ભારતીય ક્રિકેટર અને હાલમાં બી.સી.એ.માં મેન્ટર તરીકે કામ કરતા મુનાફ પટેલ અને ટ્રેનર તરીકે કામ કરતા ફૈઝલખાને જમવા બાબતે હોબાળો મચાવ્યો હતો. મેન્ટર અને ટ્રેનરને મનપસંદ ભોજન ન મળતા હોબાળો મચાવ્યો હતો. જો કે, મામલો ઉગ્ર બને તે પહેલાં જ બી.સી.એ.ના સત્તાધીશો દોડી ગયા હતા. અને મામલો થાળે પાડ્યો હતો. વડોદરા શહેરના મોતીબાગ ગ્રાઉન્ડ ખાતે હાલ વિજય હજારે ક્રિકેટ ટ્રોફી ચાલી રહી છે. જેમાં બપોરે લંચ દરમિયાન મેન્ટર મુનાફ પટેલ અને ટ્રેનર ફૈઝલખાન જમવા માટે ગયા હતા. જેમાં ફૈઝલખાને કેટરિંગના વેઈટરો પાસે બોઈલ વેજીટેબલની ડિમાન્ડ કરી હતી. પરંતુ કેટરિંગના વેઈટરોએ હાલમાં બોઈલ વેજીટેબલ ન હોવાનું જણાવતા ફૈઝલખાને હોબાળો મચાવ્યો હતો. આ સાથે પૂર્વ ભારતીય ક્રિકેટર અને મેન્ટર મુનાફ પટેલે પણ પોતાની પસંદગીનું ભોજનની માંગણી કરી હતી. વેઈટરોએ હાજર સ્ટોકમાં ન હોવાનું જણાવતા મુનાફે વેઈટરોનો ઉધડો લઈ નાખ્યો હતો. વેઈટરોએ પણ પોતાનું સ્વમાન ઘવાય તેવા શબ્દો સાંભળી ન શકતા મુનાફ પટેલ અને ફૈઝલ ખાનને સામે જવાબો આપ્યા હતા. સમગ્ર મામલો ઉગ્ર બનતા બરોડા ક્રિકેટ એસોસિએશનના સત્તાધીશો મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ પર દોડી આવ્યા હતા.

### હવાઈ હુમલાથી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિદેશ મંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને કહેવામાં આવ્યું છે કે, અમે પૂર્વોત્તર સિરિયામાં તુર્કીના એકતરફી હવાઈ હુમલાની નિંદા કરીએ છીએ. તુર્કીના આ પગલાથી સ્થિરતા અને આતંકવાદની સામે લડાઈ નબળી પડશે. આ પગલાથી માનવીય સંકટ પણ સર્જાવવાના સંકટ દેખાઈ રહ્યા છે. સિરિયાની ક્ષેત્રિય અખંડતાને જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. વાતચીત અને ચર્ચાના માધ્યમથી મુદ્દાને શાંતિપૂર્ણરીતે ઉકેલવાની જરૂર દેખાઈ રહી છે. ભારતે તુર્કીના આ પગલા પર નારાજગી વ્યક્ત કરીને કહ્યું છે કે, જ્યારે હાલમાં તુર્કીના પ્રમુખે સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીરનો ઉલ્લેખ કરીને પાકિસ્તાનનું સમર્થન કર્યું હતું. તુર્કીએ અનેક વખત કાશ્મીરમાં કથિતરીતે માનવ અધિકારના ભંગની વાત કરી હતી. તુર્કીના પ્રમુખે કાશ્મીરની સરખામણી પેલેસ્ટાઈન સાથે કરી હતી. એટલું જ નહીં તુર્કી પાકિસ્તાન માટે યુદ્ધ જહાજ પણ બનાવી રહ્યું છે. આઈએસ અને કુર્દિશ પર હવાઈ હુમલાને લઈને દુનિયાના દેશોએ તુર્કીની ઝાટકણી કાઢી છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ તુર્કીની નિંદા કરી છે. થોડાક દિવસ પહેલા જ અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સિરિયા-તુર્કી સરહદ પર તૈનાત કરવામાં આવેલા પોતાના સૈનિકોને હટાવવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તુર્કીને પોતાની સમસ્યાનો ઉકેલ પોતે કરવો પડશે. એ વખતે તુર્કીના પ્રમુખ રજબ તૈયબ અર્દોઆને સિરિયા પર હવાઈ હુમલાની જાહેરાત કરી ત્યારે અમેરિકાએ પણ આ પગલાને લઈને તુર્કીને ચેતવણી આપી હતી અને કહ્યું હતું કે, જો તે પોતાની હદને પાર કરશે તો અમેરિકા તેની અર્થવ્યવસ્થાને ખતમ કરી નાંખશે. બીજી બાજુ તુર્કી ઉપર આની અસર દેખાઈ રહી નથી.

### શિખર બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દરમિયાનગીરી કરવાના વલણથી ભારત ખુશ નથી. આનો મતલબ એ થયો કે, કાશ્મીરનો મુદ્દો આ બેઠકમાં છવાશે નહીં. બંને નેતાઓ વચ્ચે અનૌપચારિક શિખર બેઠક માટે મમલ્લાપુરમ સંપૂર્ણપણે તૈયાર છે. ચીની પ્રમુખનું સ્વાગત કરવા માટે તૈયારી કરી લેવામાં આવી છે. આ વર્ષે ત્રીજી વખત બંને નેતાઓ મળી રહ્યા છે. વાતચીત દરમિયાન બંને નેતાઓ ખાસ પ્રતિનિધિસ્તરની મંત્રણાના આગામી દોર ઉપર ચર્ચા કરશે જેમાં સરહદી મુદ્દાઓ ઉપર ચર્ચા થશે. મળેલી માહિતી મુજબ ચીન સાથે અગાઉ વાતચીતને અટકાવી દેવામાં આવી હતી. પાંચમી ઓગસ્ટના દિવસે જમ્મુ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ની નાબૂદી બાદ ચીનના વલણથી નારાજ થઈને ભારતે આ વાતચીત રોકી હતી. વુહાનમાં અનૌપચારિક શિખર બેઠક યોજાયા બાદથી બંને નેતાઓ વચ્ચે આ છઠ્ઠી બેઠક યોજાઈ રહી છે જેમાં વિશ્વાસ નિર્માણના પગલા પર મુખ્યરીતે ચર્ચા થશે. એપ્રિલ ૨૦૧૮માં વુહાન ખાતે પ્રથમ અનૌપચારિક શિખર બેઠક યોજાઈ હતી ત્યારબાદથી ચીને ભારતમાંથી ખાંડ અને ચોખાની આયાત શરૂ કરી છે. જો કે, ટ્રેડ બેલેન્સ હજુ પણ ચીનની તરફેણમાં જાય છે. ચીની પ્રમુખ શી જિંગપિંગની ઐતિહાસિક યાત્રા આવતીકાલથી શરૂ થઈ રહી છે. આ યાત્રાને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. છેલ્લા કેટલાક દિવસથી તમામ સંબંધિત વિભાગો તૈયારીમાં લાગેલા હતા. ઝિનપિંગ એવા સમય પર ભારત આવી રહ્યા છે જ્યારે કલમ ૩૭૦ની નાબુદીના મુદ્દા પર ભારત અને પાકિસ્તાન સામ સામે આવેલા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઝિનપિંગ વચ્ચે ૨૪ કલાકથી પણ ઓછા સમયગાળામાં ચાર જેટલી બેઠક યોજાનાર છે. જેમાં ત્રાસવાદ સહિતના મુદ્દા પર ચર્ચા કરવામાં આવનાર છે. સેંકડો વિદ્યાર્થીઓ અને ડાન્સરો ચીની પ્રમુખ માટે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમને લઈને રિહર્સલમાં લાગેલા છે. બંગાળના અખાત પર નેવી અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. સુરક્ષાને વધારવા જહાજોની સંખ્યા પણ વધારી દેવામાં આવી છે. દરિયાકાંઠા ઉપર સુરક્ષા પણ તીવ્ર કરી દેવામાં આવી છે. બીચ સાઈડ રિસોર્ટ ઉપર આ તમામ બેઠકો શરૂ થનાર છે. મોદી અને જિંગપિંગ વચ્ચે અનેક વખત બેઠક યોજાનાર છે. તમિળનાડુ પોલીસના ૮૦૦ પોલીસ જવાનો ટ્રાફિકની કામગીરીમાં લાગી ચુક્યા છે. આઈટીસી ગ્રાન્ડ હોટલમાંથી સુવિધા વધારવામાં આવી રહી છે. ચીની પ્રતિનિધિમંડળ મમલાપુરમ ખાતે રોકાનાર છે. ઝિનપિંગ આવતીકાલે શુક્રવારના દિવસે ચેન્નાઈ પહોંચી રહ્યા છે. આને લઈને ચેન્નાઈમાં તડામાર તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. તેમના સ્વાગત માટે તમામ સંબંધિત વિભાગો તૈયાર છે.

### અકસ્માતે ફાયરીંગ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેન્ટર ખાતે નિવૃત આર.ટી.ઓ. બી.ટી.વ્યાસના પુત્ર સુનિલ વ્યાસની ઓફિસ આવેલી છે. જેમાં તે ઈન્સ્યોરન્સ અને વાહનોના સર્વેયર તરીકેની કામગીરી કરે છે.ત્યારે બપોરના સાડાત્રણ વાગ્યાના અરસામાં સુનિલ વ્યાસનો મિત્ર ઈન્દ્રસિંહ હરજીતસિંહ ગોહિલ (ઉં.વ.૩૦, રહે.શાંતિવન સોસાયટી સે-૩૦)ઓફિસે આવ્યો હતો. આ સમયે અન્ય એક મિત્ર પણ ઓફિસમાં હાજર હતો. આ સમયે મિત્રોએ સુનિલ પાસે રીવોલ્વર જોવા માટે માંગી હતી. જેને પગલે સુનિલ રીવોલ્વર લોક કરવા ગયો હતો અને આ સમયે અચાનક અનાયાસે ટ્રીગર દબાઈ જતા રીવોલ્વરમાંથી ગોળી છુટી હતી. જે ઓફિસમાં સામે બેઠેલા ઈન્દ્રસિંહને છાતીના જમણા ભાગે વાગી હતી. જેથી સુનિલ અને બીજા મિત્રએ ઈન્દ્રસિંહને તાત્કાલીક સારવાર માટે અપોલો હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જયા બેભાન હાલતમાં રહેલા ઈન્દ્રસિંહની હાલત ગંભીર હોવાનું સામે આવ્યું છે. બનાવની જાણ સેકટર-૨૧ પોલીસને થતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચીને સ્થળ તપાસ શરુ કરી હતી. જે જગ્યાએ ફાયરીંગ થયું છે, તે સ્થળે ઓફીસની અંદર સીસીટીવી કેમેરા પણ નથી. શહેરમાં ફાયરીંગની ઘટનાના સમાચાર સાંભળી જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા પણ દોડી આવ્યા હતા. તેમણે ઘટના સ્થળ પહોંચીને પરિસ્થિતિનો તાગ મેળવીને પોલીસ અધિકારી-કર્મચારીઓને જરુરી સુચના આપી હતી. ઉલ્લેખનીય છે કે સુનિલ વ્યાસે પોલીસ સમક્ષ રિવોલ્વર પોતાની હોવાનો દાવો કર્યો છે. જો કે બપોરે ચાલતી ચર્ચા મુજબ રિવોલ્વર તેના પિતા બી.ટી.વ્યાસની છે. જેને પગલે સેકટર-૨૧ પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ રાઠવાએ લાયસન્સ મંગાવીને બનાવ અંગે વધુ તપાસ શરુ કરી છે.

### ભરડો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સામાન્ય સંજોગોમાં વરસાદ બાદ રોગચાળાની પરિસ્થિતિ ઉભી થાય છે. વાઈરલના મચ્છરજન્યની સાથે પાણીજન્ય રોગચાળાના કેસ પણ આ દિવસોમાં વધુ જોવા મળે છે. હાલ શહેરમાં બેવડી સિઝન ચાલી રહી છે તેની વચ્ચે મેલેરીયા અને ડેન્ગ્યુના કેસ મોટીસંખ્યામાં ગાંધીનગર સિવિલમાં નોંધાયા છે. મચ્છરજન્ય ડેન્ગ્યુની બિમારીના દર્દીઓ રોજ બરોજ વધી રહ્યા છે.નાગરીકોને પોતાના ઘરની આસપાસ પાણી ભરાઈ ન રહે તે માટે તંત્ર દ્વારા સુચના પણ અપાઈ છે. મેલેરીયા, ટાઈફોઈડ, ચીકનગુનીયા, કમળા, સહિતના રોગ કરતા ડેન્ગ્યના કેસ વધતા આરોગ્ય તંત્ર માટે ચિંતાનો વિષય બન્યો છે. સેકટરો ઉપરાંત ન્યું ગાંધીનગરના કુડાસણ, રાયસણ, રાંદેસણ સહિતના સરગાસણ વિસ્તારના નાગરીકો પણ ડેન્ગ્યુથી પ્રભાવિત બન્યા છે.

### નોટીસો ફટકારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હાલ પણ ડિઝાઈન સર્કલના અભિપ્રાયના અંતે આવાસો તોડવાની કામગીરી હાથ ધરવા માટે આવાસો ખાલી કરાવવા માટે તંત્રએ કામગીરી હાથ ધરી છે. સેકટરોમાં લાંબા સમયથી વસવાટ કરતા કર્મચારીઓના પરિવારજનો ઝડપથી આવાસ ખાલી કરવાના મામલે પુરતો સહયોગ ન આપતા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. તંત્ર દ્વારા હાલ સરકારી આવાસો ખાલી કરાવવા માટે હાલ રહીશોને નોટીસ આપવામાં આવી રહી છે. જો કે આ આવાસોને ખાલી કરાવવાની પ્રક્રીયા જટીલ બની છે. એકબાજુ આવાસો ખાલી કરવાની સાથે નવા આવાસો માટે સ્થળ પસંદગીની પ્રક્રીયામાં પણ વધુ સમય વિતી જતા નવા આવાસોના નિર્માણનુ કામ ઝડપથી થઈ શકતુ નથી. સે-૬ માં સંખ્યાબંધ આવાસો તોડી હાલ નવા આવાસના નિર્માણનુ કામ પ્રગતિ હેઠળ છે. બીજીતરફ જુના સેકટરોમાં પણ જુના અને જોખમી આવાસોને કબજામુક્ત કરવા માટે તંત્ર પ્રયત્નશીલ છે.

### રોગચાળા સામે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના આરોગ્યની સ્થિતિને લઈ વિસ્તૃત સમીક્ષા પણ કરી હોવાનું જાણવા મળેલ છે.

કોટેશ્વરની ગ્રામસભામાં સ્વચ્છતા અભિયાન ઉપરાંત ગામના કેટલાક મહત્વના પ્રશ્નો ખાસ કરીને ગાંધીનગર સાથેની બસ સુવિધા અંગે પણ રજુઆત કરાઈ હતી. ગામમાં થઈ રહેલા વિકાસ અંગે તેમજ જી.પી.ડી.પી.ને લઈ પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી.

ગ્રામસભાને અંતે શ્રમજીવી પરિવારો જે વિસ્તારમાં રહે છે ત્યાંની મુલાકાત પણ જિલ્લા વિકાસ અધિકારીએ લીધી હતી. આ વિસ્તારમાં પાણી પુરા ફોર્સથી નહિ મળતુ હોવાની રજુઆત પછી પંચાયતને પુરા ફોર્સથી ગામમાં પાણીનું વિતરણ થાય તે જોવા તાકિદ કરી હતી.

### પેચવર્ક... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે હાલ રસ્તાઓની સુધારણા પુર્વે માર્ગો પર પેચીંવર્ક કરવામાં આવી રહ્યુ છે. રસ્તાઓના સમારકામ બાદ માર્ગ સુધારણા માટેની કામગીરી હાથ ધરાશે . વરસાદી દિવસોમાં કેટલાક ઠેકાણે મોટા ગાબડા પણ અસ્તિત્વમાં આવ્યા હતા જયારે સ્ટોર્મ વોટર લાઈન સહીતની યુટીલીટીઝ લાઈનના ખોદકામના અંતે પણ શહેરના માર્ગોની દશા બેઠી છે. માર્ગો આસપાસ માટી પોલાણ થવાના લીધે મોટામસ ખાડા જોવા મળી રહ્યા છે.

કોર્પોરેશન દ્વારા હાથ ધરાયેલી આ કામગીરીના અંતે ફુટપાથ તેમજ રસ્તાઓને થયેલા નુકશાનનુ કામ હાથ ધરવા માટે પણ માર્ગ મકાન વિભાગે પત્ર લખ્યો હતો. જેના અંતે ચ માર્ગ પર તુટેલી ફુટપાથનુ કામ પુર્ણ કરી દેવાયુ છે .જયારે હાલ તંત્ર માર્ગો પર થાગડ થીગડ સહીત પેચવર્ક કરવાના કામે લાગ્યુ છે. જેના અંતે માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરાશે. સતત વરસાદના લીધે હવે માર્ગોની સુધારણાનુ કામ પણ ત્વરિત પુર્ણ કરવાનુ અનિવાર્ય બન્યુ છે.

### લોકાર્પણ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નવા મકાનો તૈયાર કરાયા છે. જયારે સે-૭ અને સે-૨૯ માં નવા મકાનોમાં કર્મચારીઓનો વસવાટ પણ શરૂ થઈ ગયો છે. પરંતુ હજુ સુધી સે-૩૦ ના નવા મકાનોનુ લોકાર્પણ થઈ શક્યુ નથી. નવા આવાસો બાંધવાની કામગીરી સંદર્ભે નિયત કરાયેલી સમય મર્યાદા પણ પુરી થઈ ગઈ છે. આવા સંજોગોમાં તંત્રના ચોપડે સ્થિત કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. સે-૩૦ માં નિર્માણ કરાયેલા બી કક્ષાના ૩૩૬ જેટલા મકાનોનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જો કે હજુ પણ ગેસ લાઈનનના જોડાણની કામગીરી ચાલી રહી છે. આવા સંજોગોમાં ટુંકમાં જ આ કામ પુર્ણ થઈ જશે તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે. આગામી દિવસોમાં નવા આવાસોનુ લોકાર્પણ કરી દેવાશે.